# ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ અને એમએમએફએ પર્યાવરણ દિવસની ઉજવણી કરી

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ફિનોલેક્સ પાઈપ્સ અને તેના સીએસઆર પાર્ટનર મુકુલ માધવ ફાઉન્ડેશન (એમએમએફ)એ ચોમાસા પહેલાં મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતમાં સક્રિયપણે અનેક જળ પ્રોજેક્ટ્સ અને વૃક્ષારોપણ ઝુંબેશ શરૂ કરવાની ગર્વભેર જાહેરાત કરી છે. આ પહેલોનો ઉદ્દેશ્ય સમુદાયોને મહત્વપૂર્ણ સહયોગ પ્રદાન કરીને સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો તથા પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપવાનો છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં એમએમએફએ અનેક પહેલો કરી છે તથા ક્રમશઃ પરિવર્તનને આગળ વધારવા માટે વિવિધ સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે. મહારાષ્ટ્રમાં અને આસપાસના પ્રદેશોમાં ૧૨,૦૦૦થી વધુ લોકોને જળ સંરક્ષણ પ્રોજેક્ટ્સથી ટેકો મળ્યો છે તથા સિમેન્ટ નાળા બંધને પુનઃસ્થાપિત કરવા અને નિર્માણ કરવા, પાણીના પંપ ગોઠવવા, ઉપલબ્ધતા માટે પાઈપલાઈન નાખવી તથા વરસાદી પાણીના સંગ્રહ અને નદીના કાયાકલ્પ અને પાણીના સ્રોતોની સફાઈ જેવી પહેલો કરી છે. એમએમએફએ ભારતમાં વિવિધ પ્રદેશોમાં હજારો પરિવારો માટે પીવાના સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ પહેલો કરી છે. પૂણેમાં ખડકવાસલામાં ૨ કિમી ડેમને ડી-સિલ્ટીંગ હાથ ધરવામાં આવ્યું છે, જેથી શહેર અને ગ્રામીણ વિસ્તારો બંનેમાં ૧૫ લાખથી વધુ લોકોને લાભ થશે. ગુજરાતમાં પીછુતરામાં પીવાના પાણીની સપ્લાય સ્કીમ દ્વારા ૩૦૦ પરિવારો ઉપર સકારાત્મક અસરો પેદા થઈ છે. આ ઉપરાંત રત્નાગીરીના જળ ગામોમાં ૫૦૦ પરિવારોને પાણીના ટેન્કર પૂરા પાડવામાં આવ્યાં છે.

આ ઉપરાંત પર્યાવરણની સુરક્ષા માટે વ્યાપકરૂપે વૃક્ષારોપણ કામગીરી થઈ રહી છે. એમએમએફએ પાણીની અછતનો સામનો કરતાં પ્રદેશોમાં નોંધપાત્ર બદલાવ હાંસલ કર્યો છે. સરોવરોને ઊંડા કરવા, પાણીનું સ્તર વધારવું, નદીઓ અને તળાવોના કાયાકલ્પ દ્વારા તેણે અર્થસભર અસરોનું સર્જન કર્યું છે.